

# કાગડો કે મોર

— પ્રસન્ના વેંકટેશ

કરણ કાગડો ખૂબ ઉદાસ હતો. કારણ હતું તેનો કાળો રંગ. ચંપકવનનાં બધાં પક્ષી બોલિવુડની અભિનેત્રીઓની સુંદરતા વિશે વાત કરી રહ્યાં હતાં. પક્ષીઓએ પણ વિચાર્યું, આપણે પક્ષીઓ પણ સૌથી સુંદર પક્ષીની પસંદગી કરીએ તો કેવી મજા આવે. તે માટે પક્ષીઓએ ગ્રાન્ડ બ્યૂટી કોન્ટેસ્ટનું આયોજન કર્યું.

બ્યૂટી કોન્ટેસ્ટના દિવસે બધાં પક્ષી તૈયાર થઈને આવ્યાં હતાં. રેમ્પ પર પક્ષીઓએ કૅટવોક કર્યું. પપ્પુ મોર પાંખો ફેલાવીને રેમ્પ પર નાચતાં બોલ્યો, ''હું પક્ષીઓમાં સૌથી સુંદર છું. જ્યારે હું પાંખો ફેલાવીને નાચું છું ત્યારે મનુષ્યો મને આશ્ચર્યથી જોવા લાગે છે, એટલે હું સૌથી સુંદર છું.''

મીકુ મેના, પ્યારા પોપટ, સીટુ ચકલીએ પણ રેમ્પ પર પોતાની સુંદરતાને રજૂ કરી.

જ્યારે કરણ કાગડાનો વારો આવ્યો ત્યારે તે જેવો કા...કા...કા... કરતો રેમ્પ પર આવ્યો કે તેને જોઈને બધાં પક્ષીઓ હસવા લાગ્યાં. મોરે કહ્યું, ''અરે કાળિયા, તું ન જ બોલે તો વધારે સારું. તું ન તો સુંદર છે, ન તારો અવાજ મીઠો છે. તું તો કોઈપણ રીતે આ કોન્ટેસ્ટને લાયક નથી. મને તો તારા પર દયા આવે છે.'' મોરની વાત સાંભળીને એક વાર ફરી બધાં પક્ષીઓ ખડખડાટ હસવાં લાગ્યાં. તે સાંભળીને કાગડો ઉદાસ થઇ ગયો. તે તરત માળા તરફ ઊડી ગયો.

કરણની માએ તેની ઉદાસીનતાનું કારણ પૂછયું તો ચંપકવનમાં તે સાંજે જે કંઈ બન્યું હતું, કરણે તેની માને પૂરી વાત કહી સંભળાવી.

મા તેને વહાલ કરતાં બોલી, ''બેટા, આપણે સુંદર નથી તો શું થયું. આપણે આ દુનિયા માટે ઘણા ઉપયોગી છીએ. આપણે મરેલા ઉંદરો, જીવજંતુ, મંકોડા વગેરે ખાઈને વાતાવરણને શુદ્ધ અને સ્વચ્છ રાખીએ છીએ. વિચાર તો ખરો, આપણા વિના શું કોઈને સ્વચ્છ હવા મળી શકશે.''

''આપણે મનુષ્યો માટે ખૂબ ઉપયોગી છીએ. એટલે તેઓ ભોજન કરતાં પહેલાં આપણો ભાગ કાઢીને કોઈ જગ્યાએ મૂકે છે, જેથી આપણે ખાઈ લઈએ. આપણે જે કંઈ મેળવીએ છીએ, આપણા મિત્રોમાં વહેંચીએ છીએ. આ રીતે આપણે કેટલા મહત્ત્વપૂર્ણ છીએ. તારે એક વાત બીજી ધ્યાનમાં રાખવી જોઈએ કે દુનિયામાં જેટલી પણ સુંદર વસ્તુઓ છે, તેની પર હંમેશાં જોખમ તોળાયેલું રહે છે.''

કરણ તેની માની વાતને સાંભળીને ખુશ થઈ ગયો અને ઊંઘવા જતો રહ્યો.

બીજા દિવસે બધાં પક્ષીઓ વનમાં રમી રહ્યાં હતાં. ત્યારે શિકારીઓની એક ટોળકી આવી અને મોરનાં પીંછાં કાઢવા માટે તેને પકડી લીધો. પોપટ અને કબૂતરને પાંજરામાં કેદ કરી લીધા. જ્યારે કરણને છોડી દીધો. મોર, પોપટ અને કબૂતર ખૂબ ઉદાસ દેખાતાં હતાં.

હવે કરણને વિશ્વાસ બેસી ગયો કે ગર્વ કરવા માટે સુંદરતા જ સર્વસ્વ નથી હોતી. કુદરત તરફથી દરેકને આપવામાં આવેલા ગુણો જ મહત્ત્વના હોય છે. કરણ ખુશીખુશી પોતાના માળા તરફ ઊડી ગયો. હવે તેને પોતાના કાળા રંગ પર કોઈ દુઃખ નહોતું.

(સાભાર : 'ચંપક')